

**તારા વિના શ્યામ મને એકલડું લાગે... રાસ રમવાને વહેલો આવજે... અરવલ્લીમાં ખલૈયાઓ હિલોળે ચઢ્યા...**

અરવલ્લી જિલ્લા સહીત મોડાસામાં નવલી નોરતાની રાત્રિઓમાં ખલૈયાઓ મન મૂકીને ગરબે ઘૂમી રહ્યા છે. આદ્યશક્તિના આ પર્વમાં આધુનિકતા પ્રવેશી ગઈ છે, પરંતુ માઈભક્તો માટે આનંદ, ઉલ્લાસ અને ભક્તિનું પર્વ કહેવાતા નવરાત્રી પર્વે ગરબે ઘુમવાનો આનંદ તો કઈ ઓર જ છે. નવરાત્રી મેદાનોમાં વિવિધ પ્રકારના લાઈટિંગ ડેકોરેશન, ગાયકવૃંદો અને ડીજેના તાલે નાના ભૂલકાઓ, યુવતીઓ અને મહિલાઓ સોળે શણગાર સજી ભારે ઉત્સાહભેર ગરબા અને રાસ રમવામાં મશગુલ બની જાય છે.

# મોડાસા-ટીટોઈ રેલ લાઈન સીધી લાઈનમાં નાખવાની માંગ સાથે ખેડૂતોના ધરણાં

## ઓછા ખેડૂતોની જમીન જાય અને ખેડૂતોને નુકસાન ના થાય તેવી લાઈન નાખી શકાય તેમ છે

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જિલ્લાના મોડાસાના બામણવાડ, મણીપુરાકંપા, બોલુન્દ્રા, ઉમેદપુરના ખેડૂતોએ મોડાસા ટીટોઈ રેલવેના પ્રશ્ને પોતાની ન્યાયી રજુઆત સરકારમાં પહોંચાડવા આજરોજ જિલ્લા કલેક્ટર કચેરીએ ધરણાં યોજયાં હતાં. આમ છતાં ન્યાય ન મળે તો અહિંસક માર્ગે આંદોલનના કાર્યક્રમો આપવા નીર્ધાર વ્યકત કર્યો હતો.

અરવલ્લી જિલ્લામાં મોડાસા ટીટોઈની નવી મંજૂર થયેલ રેલ લાઈન નાખવા હાલ જે સર્વે કરાઈ છે તેમાં દલિતો અને સામાન્ય ખેડૂતોની જમીનો જતી હોઈ તેમજ અન્ય સ્થળેથી લાઈન કાઢવામાં આવે તો સીધી લાઈનમાં રેલવે જાય જેનાથી ઓછા ખેડૂતોની ઓછી જમીન ગુમાવવી પડે. આમ છતાં સર્પાકારે રેલવે લાઈન લઈ જઈને નાના, સીમાંત અને દલિત ખેડૂતોની જમીન જાય તે રીતે બામાણવાડ, મણીપુરાકંપા, બોલુન્દ્રા, ઉમેદપુરની સીમમાંથી સર્વે કરાઈ છે જે અન્યાય કર્તા છે.




આ અંગેનો નકશો સાથેની રજુઆત જિલ્લા કલેકટરને પણ કરવામાં આવી છે. જેમાં રજુઆત કર્યા મુજબ ઉમેદપુર (જીવણપુર) ગામની ઉત્તરે મણિપુરા કંપાથી પૂર્વ થઈ ટીટોઈ સીધી રેલ લાઈન જઈ શકે છે.

સરકારી પડતર ખરાબાની જમીનમાં થઈ સીધી રેલ લાઈન જઈ શકે છે આમ છતાં વળાંક આપીને લાઈન લઈ જવાની સર્વે માં ૧૦૭ ખેડૂતોને જમીન ગુમાવવા નો વારો આવે છે. હકીકતમાં સીધી લાઈનથી રેલવે નીકળે તો માત્ર દસથી ૧૫ ખેડૂતોની જ મામૂલી જમીન જાય છે. આમ છતાં રેલ અધિકારીઓ દબાણ હેઠળ આવીને નાના સીમાંત અને દલિત ખેડૂતોના ભોગે સીધી લાઈનની રેલવે લાઈન વળાંક આપી કોઈને બચાવવા નાના દલિત ખેડૂતોની જમીનનો ભોગ લેવાઈ રહ્યો છે તે સામે આજે આ અસરગ્રસ્ત ગરીબ ખેડૂતોએ પોતાનો ન્યાયી અવાજ સરકાર સમક્ષ પહોંચાડવા ધરણા યોજ્યા હતા.

# મોડાસા વિધાનસભા ચૂંટણીમાં સ્થાનિક અને યુવા ચહેરાને ભાજપમાંથી ટિકિટ આપવા માંગ

રાજ્યમાં વિધાનસભા-૨૦૧૭ ચૂંટણીનો ધમધમાટ શરૂ થઈ ગયો છે ત્યારે ભાજપા અને કોંગ્રેસ દ્વારા વિધાનસભા બેઠકો પર ઉમેદવારો નક્કી કરવા કમર કસી કોઈપણ ભોગે ગુજરાત પર કબ્જો મેળવવા કમર કસી છે ત્યારે રવિવારે ભાજપ દ્વારા પ્રદેશકક્ષાએથી ૩ નિરીક્ષકો મોકલી સેન્સ લેવાની પ્રક્રિયા હાથ ધરી હતી. જેમાં ૪૩ ભાજપના કાર્યકરો વિધાનસભાની ચૂંટણી લડવા દાવેદારી નોંધાવી હતી. ત્યારે છેલ્લા ૩ દિવસથી મોડાસામાં ભાજપ પક્ષ દ્વારા મોડાસા શહેર અને તાલુકાને અન્યાય કરવામાં આવ્યો હોવાનો કચવાટ ભાજપના કાર્યકરોમાં જોવા મળી રહ્યો છે. તદુપરાંત યુવા ચહેરાને ટિકિટ આપવામાં આવે તેવી માંગણી કાર્યકરો કરી રહ્યા છે.

વિધાનસભા-૨૦૧૭ની ચૂંટણીમાં મોડાસા-ધનસુરા વિધાનસભા બેઠક માટે ભાજપ પક્ષમાંથી ચૂંટણી લડવા ૪૩ દાવેદારો મોડાસામાંથી ઉભા થતા ત્રણેય નિરીક્ષકો માટે ઉમેદવારની પસંદગી લોઢાના ચણા ચાવવા સમાન બની રહે તો નવાઈ નહિ. છેલ્લા ૨૫ વર્ષથી ભાજપ પક્ષ દ્વારા મોડાસા શહેર અને તાલુકાના કાર્યકરોની અવગણના કરવામાં આવતી હોય તેમ ધનસુરા તાલુકામાંથી ઉમેદવાર પસંદ કરવામાં આવતા આ વખતની ચૂંટણીમાં મોડાસા શહેર અને તાલુકાના સ્થાનિક કાર્યકરને ઉમેદવાર તરીકે અને યુવા ચહેરાને સ્થાન આપવાની લોક માંગ પ્રબળ બની છે. ત્યારે મોડાસા શહેરમાંથી પ્રદેશ કક્ષાએથી આવેલા દાવેદારો મોડાસા બેઠક માટે સ્થાનિક યુવા ચહેરા અને સમાજસેવી અને જીવદયાપ્રેમી તરીકે અરવલ્લી જિલ્લામાં લોકચાહના ધરાવતા નિલેશભાઈ જોશી, સુરેશ ભાઈ ત્રિવેદી, મેયર વનીતાબેન પટેલ, કનુભાઈ પટેલ, રાજુભાઈ પટેલ, વિનોદ શાહ, રૂપેશ ઝાલા, રમેશભાઈ પટેલ, પ્રભુદાસ પટેલ સહિતના દાવેદારોએ ટિકિટ માટે દાવેદારી નોંધાવી હતી.

# સાબરકાંઠા જિલ્લામાં ૧૧,૧૭૮ નવા મતદારો નોંધાયા

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ આગામી સમયમાં યોજાવાની છે ત્યારે ચૂંટણીપંચ ધ્વારા સંક્ષિપ્ત સુધારણા સાથેની મતદારયાદી તૈયાર કરવામાં આવી છે. જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં મતદારયાદીની આખરી પસિધ્ધિ બાદ જિલ્લાની ચાર વિધાનસભામાં ૧૧,૧૭૮ નવા મતદારો નોંધાયા હોવાનું જિલ્લા કલેકટર પી. સ્વરૂપે કલેકટર કચેરી ખાતે યોજાયેલ પત્રકાર પરીષદમાં જણાવ્યું હતું. કલેકટર પી. સ્વરૂપે જણાવ્યું હતું કે, જિલ્લામાં હાલ ૫,૦૪,૬૪૬ પુરૂષ, ૪,૭૬,૦૯૪ મહિલા અને અન્ય ૧૨ મતદારો મળી કુલ ૯,૮૦,૭૬૨ મતદારો નોંધાયા છે. જેમાં તમામ મતદારોને ફોટો સાથેનો ઓળખકાર્ડ તેમજ ફોટો ઈમેજીસ સાથેની સંપૂર્ણ મતદારયાદી તૈયાર કરીને ૧૦૦ ટકા લક્ષ્યાંક સિધ્ધ કરવામાં આવ્યો છે. જિલ્લામાં સૌ પ્રથમવાર વીવીપેટથી થનાર મતદાન યોજાવાનું હોઈ તેનુ ફસ્ટ લેવલ ચકાસણીની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે અને મતદાન જાગૃતિ અને તેના ઉપયોગ અંગે ગ્રામ્યકક્ષાએ તેનુ નિદર્શન કરવામાં આવશે. જિલ્લામાં હાલ ૧૨૯૩ મતદાન મથકો ઉપલબ્ધ છે જેમાં ગ્રામ્ય વિસ્તારના ૧૭૮ અને ૧૧૩૫ શહેરી વિસ્તારના મતદાન મથકનો સમાવેશ થાય છે.

**કઇ વિધાનસભામાં કેટલા મતદારો ઉમેરાયા**

| ક્રમ | વિધાનસભા | પુરૂષ | મહિલા | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૮૬૮ | ૧૫૫૨ | ૧૫ | ૨૪૩૫ |
| ૨ | ઈડર | ૧૧૬૧ | ૧૬૬૧ | ૧ | ૨૮૨૩ |
| ૩ | ખેડબ્રહ્મા | ૧૭૩૮ | ૧૯૯૫ | - | ૩૭૩૩ |
| ૪ | પ્રાંતિજ | ૬૨૮ | ૧૫૫૯ | - | ૨૧૮૭ |
| | કુલ | ૪૩૯૫ | ૬૭૬૭ | ૧૬ | ૧૧,૧૭૮ |



**વિધાનસભા અધ્યક્ષ રમણલાલ વોરાએ અંબાજી મુકામે માતાજીના દર્શન કર્યા**

પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરાએ ભક્તિભાવપૂર્વક માતાજીના દર્શન અને પૂજા-અર્ચના કરી હતી. અધ્યક્ષે નવરાત્રિના પાવન પ્રસંગે માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે મંદિર પરિસરમાં શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના વહીવટદાર આર.કે. પટેલે માતાજીની ચુંદડીથી અધ્યક્ષનું સ્વાગત કર્યુ હતુ. આ પ્રસંગે અધ્યક્ષ રમણલાલ વોરાએ મિડીયા સાથેની મુલાકાતમાં જણાવ્યું કે અત્યારે સમગ્ર રાજયમાં માતાજીની આરાધનાનું પવિત્ર પર્વ નવરાત્રિની ઉપાસના ચાલી રહી છે. આ પવિત્ર દિવસોમાં મા અંબાના દર્શન કરી ધન્યતા અનુભવી છે.

# શ્રી શિહોરી પગાર કેન્દ્ર શાળા નં. ૧માં વિદાય સમારોહ

કાંકરેજ, તા. ૨૭

મંગળવારના રોજ શિહોરી પે.કેન્દ્ર શાળામાં ફરજ બજાવતા રમીલાબેન અમથાભાઈ પરમાર વયનિવૃત્ત થતા તેમનો વિદાય પ્રસંગ ગાયમાતાના મંદિરમાં યોજાયો હતો. જેમાં કાંકરેજ તાલુકા મામલતદાર ચૌહાણ, ભાજપ મહામંત્રી બનાસકાંઠા ભારતસિંહ ભટેસરીયા, તાલુકા નાયબ ટીડીઓ ત્રિવેદીભાઈ, બીટ કેળવણી નિરીક્ષક દેસાઈ કમલેશભાઈ, ભાજપ અગ્રણી હંસપુરી ગૌસ્વામી, કાંકરેજ તાલુકા શિક્ષક ઘટક સંઘના પ્રમુખ જગમાલભાઈ જોષી તેમજ મંત્રી તેજમલસિંહ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. વયનિવૃત્ત થતા પરમાર રમીલાબેને શાળાના બાળકોને તિથીભોજન આપ્યુ હતુ.

# પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ પર અજાણ્યા વાહનની ટક્કરથી આધેડનું કરૂણ મોત

પ્રાંતિજ, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર અજાણ્યા વાહનની ટક્કરથી પ્રાંતિજના આધેડનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત થયું હતુ.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ નેશનલ હાઈવે ઉપર આવેલ સિવિલ પાસે રોડ ક્રોસ કરી રહેલ ચંદુજી આતાજી વાઘેલા ઉ.વર્ષ- ૫૦ રહે. પ્રાંતિજ કે જેવો રાત્રીના સમયે પોતાનાં ઘરે જવા માટે રોડ ક્રોસ કરી રહ્યા હતાં તે સમયે કોઈ અજાણ્યો ભારે વાહન



ચાલક ફુલ ફાસ્ટ હંકારી લાવી રોડ ક્રોસ કરતાં આધેડ ચંદુજી વાઘેલાને ટકકર મારી ઘટનાસ્થળે મોત નિપજાવી ભાગી ગયો હતો જયારે મૃતક આધેડને પ્રાંતિજ સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં.

## મોડાસા સહિત અરવલ્લી જિલ્લામાં ચાર મંડલોમાં

# ભાજપની કારોબારી-વિસ્તારકોની બેઠકમાં જિલ્લા પ્રમુખે કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું

મોડાસા,તા ૨૭

અરવલ્લી જિલ્લામાં આજે ભિલોડા તાલુકા,માલપુર તાલુકા, મોડાસા તાલુકો અને શહેર એમ ચાર મંડલોની ભાજપની કારોબારી અને વિસ્તારોની બેઠક જિલ્લા મહામંત્રી શામળભાઈ પટેલે લીધી હતી તો તેજ સમયે માલપુર તાલુકા કારોબારી અને વિસ્તારોની બેઠક તખતપુર કોલેજ ખાતે જિલ્લા ભાજપ પ્રમુખ





રણવીરસિંહ ડાભીએ લીધી હતી.

આજે બપોરે મોડાસામાં ટાઉન હોલ ખાતે મોડાસા તાલુકા અને શહેરની સંયુક્ત કારોબારી અને વિસ્તારકોની યોજાયેલી બેઠકોમાં જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીએ આગામી વિધાનસભા ચૂંટણીના લોકશાહી પર્વ માટે કટિબધ્ધ થવા અને ૧લી ઓક્ટોબરથી પાંચ દિવસની વિસ્તારક યોજના અને અગાઉની નવ દિવસની વિસ્તારક સેવાને તેમણે જિંદગીનું સંભારણું ગણાવી કાર્યકર્તાઓને વિસ્તાર તરીકે પોતાને મળેલ બુથ ઉપર જઈને શક્ય તેટલો સારો સમય આપી નિયત કરેલ કાર્યસેવા બજાવવા અપીલ કરી હતી.જેમણે અગાઉ વિસ્તારક તરીકે વફાદારી,નિષ્ઠાથી કામ કર્યુ તેવા વિસ્તારકોને અભિનંદન આપી બિરદાવ્યા હતા.જિલ્લા પ્રમુખ રણવીરસિંહ ડાભીએ ઉપસ્થિત કાર્યકર્તાઓ પાસેથી મુક્તપણે સૂચનો કરવા આહવાન કરતાં કાર્યકર્તાઓએ કરેલા યોગ્ય સૂચનો આવકાર્યા પણ હતા અને લોકહિતની બાબતોમાં પ્રમુખે કરેલ સંવાદથી કાર્યકર્તાઓમાં આનંદ અને ખુશીની લાગણી પ્રસરી હતી. આ સંયુક્ત બેઠકમાં જિલ્લા મહામંત્રી શામળભાઈ પટેલે વિસ્તારક યોજના વિષે પાંચ દિવસની કામગીરીની છણાવટ સાથે સમજણ અને માર્ગદર્શન પૂરું પાડવા સાથે છેક ૧૬મી ઓક્ટોબરના વિસ્તારક મહાસમેલન સુધીના પાર્ટીના આગામી કાર્યક્રમોની જાણકારી વિગતે પુરી પાડી હતી.તેમજ બેઠકમાં અપેક્ષિત કાર્યકર્તાઓની નોંધ પણ લીધી હતી.

આ બેઠકમાં પ્રદેશ સભ્ય કનુભાઈ, ઉપપ્રમુખ અમૃતસિંહ ઝાલા,ખજાનચી ગુલાબચંદભાઈ પટેલ,પ્રતીક્ષાબેન ઉપરાંત જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસ પટેલ,સાબરડેરીના ડિરેકટર ભીખુસિંહ પરમાર, મોડાસા નાગરિક બેંકના ચેરમેન વિનોદભાઈ શાહ વગેરે સહિત વિસ્તારકો, કારોબારી સભ્યો, અપેક્ષિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકના પ્રારંભે તાલુકા પ્રમુખ હસમુખભાઈ પટેલે સૌનું સ્વાગત કર્યુ હતું અને બેઠકનું સંચાલન શહેર મહામંત્રી રણધીર ચૂંડગરે અને અંતમાં આભારવિધિ શહેર પ્રમુખ જગદીશભાઈ ભાવસારે કરી હતી.

વિસ્તારકોની બેઠકોમાં જે તે મંડલના અપેક્ષિત કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા જેમાં જિલ્લા સંગઠનના પ્રમુખ રણવીરસિંહ ડાભીએ આગામી વિધાનસભાની ચૂંટણીના લોકશાહી પર્વને ઉમંગભેર અને ઉત્સાહથી ખભેખભા મિલાવી ઉજવવા અનુરોધ કર્યો હતો.

સવારે શામળાજીમાં યોજાયેલી ભિલોડા તાલુકાની કારોબારી અને

# કાંકરેજના આઠ ગામોમાં ઓડીએફ વેરિફીકેશન માટેની ટીમના ધામા

## નવી દિલ્હીના ક્વોલીટી કાઉન્સીલ ઓફ ઈન્ડિયા દ્વારા સર્વે કરાયું : સ્વચ્છ ભારત મિશન યોજના અંતર્ગત ક્યુ.સી.આઈ.

કાંકરેજ તાલુકામાં સ્વચ્છ ભારત મિશન યોજના અંતર્ગત બનાવવામાં આવેલ શૌચાલયોનું સર્વે નવી દિલ્હીની ક્વોલીટી કાઉન્સીલ ઓફ ઈન્ડિયા દ્વારા આઠ ગામોમાં સર્વે હાથ ધરાયુ હતુ. જેમાં નાથપુરા-૩૦, તાણા-૩૦, ઉંબરી-૩૦, અરણીવાડા-૩૦, ઝાલમોર-૩૦, આકોલી મા.વાસ-૩૦, ચેખલા-૬૦, અરણીવાડા-૩૦, ઝાલમોર-૩૦, આકોલીમા. વાસ-૩૦, ચેખલા-૬૦, વડા-૧૦૦ આમ કુલ આઠ ગામોમાં ૩૪૦ જેટલા લાભાર્થીઓના શૌચાલયોનું સર્વે ઓડીએફ વેરિફીકેશન કરાયું. જેમાં નવી દિલ્હીના વિશાલરાય ક્વોલીટી એસોસીએટ અને કાંકરેજ તાલુકા પંચાયતના વિપુલ કાપડી બ્લોક કો. ઓડીનેટર કાંકરેજ તેમજ જે તે ગ્રામ પંચાયતના સરપંચ અને લાભાર્થીને સાથે રાખી શૌચાલયનું ૧૦૦ ટકા નિરીક્ષણ પરિક્ષણ કરવામાં આવ્યું હતું. જો કે વારંવાર



બુમ-રાડો હોવાથી નવી દિલ્હી ક્વોલીટી કાઉન્સીલ ઓફ ઈન્ડિયા દ્વારા સર્વે તપાસ હાથ ધરાતાં લોકોમાં જાગૃતતા સાથે સત્યથી વાકેફ થયા હતા અને આ સર્વેથી કેટલા લોકો શૌચાલયનો ઉપયોગ કરે છે કે કેમ ? તે પણ ખ્યાલ આવે સાથે સાથે કાંકરેજના કેટલા ગામો ઓડિએફ છે તેની પણ ખબર લોકો સુધી પહોંચે આવા ઉમદા હેતુથી સર્વે કામગીરી કાંકરેજ તાલુકા વિકાસ અધિકારી એ.એમ. પટેલની રાહબરી હેઠળ દિલ્હીના વિશાલરાય ક્વોલીટી એસોસીએટ અને કાંકરેજ બ્લોક કોઓડિનેટર વિપુલ કાપડી દ્વારા સર્વે કરાયું હતું. જે તા. ૨૮-૯-૨૦૧૭ સુધી ચાલશે તેવુ ન્યુ દિલ્હીના વિશાલરાય દ્વારા જાણવા મળ્યું હતું.